સુરક્ષા અને તકેદારી વ્યવસ્થા સઘન બનાવવા માટે Anti-Drone System માટે ફાળવેલ વધારાના અનુદાનની રકમ રૂ.૬૫૩.૩૯ લાખ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ખર્ચ કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: એમપીએફ/૧૦૨૦૧૮/૧૧૪૯/વ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૫/૦૮/૨૦૨૦

<u>વંચાણે લીધેલ</u> :-

૧. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૧૮/૦૫/૨૦૨૦ના પત્ર ક્રમાંક: એફ/ટે-૫/Anti Drone System/નાણા/પાર્ક/૭૫૩/૨૦૨૦.

૨. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૧૭/૦૬/૨૦૨૦ના પત્ર ક્રમાંક: એફ/ટે-૫/Anti Drone System/રી-વેલીડ/૮૯૮/૨૦૨૦.

૩. ગૃહ વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ.

૪. ગૃહ વિભાગનો તા.૩૦/૦૩/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ.

૫. ગૃહ વિભાગનો તા. ૧૫/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક: એમપીએફ/૧૦૨૦૧૮/૧૧૪૯/વ.

પ્રસ્તાવના:-

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) તથા (૨)માં દર્શાવેલ પત્રોથી રાજયની સુરક્ષા અને તકેદારી વ્યવસ્થા સઘન બનાવવા માટે Anti-Drone System ખરીદવા સંદર્ભ: (૩)માં દર્શાવેલ ઠરાવથી મંજૂર કરવામાં આવેલ વધારાના અનુદાન રૂ.૬૫૩.૩૯ લાખને સંદર્ભ: (૪)માં દર્શાવેલ ઠરાવથી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગર ખાતે પાર્ક કરવાની મંજૂરી આપવામાં આવેલ. પરંતુ, જીલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર દ્વારા બિલો નહીં સ્વીકારવાના કારણે આ રકમ પાર્ક કરી શકાયેલ ન હતી. સંદર્ભ(૫)થી Anti-Drone System ખરીદ કરવા Propriety Article Certificate આપવામાં આવેલ. હવે આ બાબતમાં Secretarial Purchase Committee ની મંજુરી મેળવીને M/s. IAIELTA, Israel ને વર્ક ઑર્ડર આપવાના અંતિમ તબક્કે પડતર હોઇ, સંદર્ભિત(૩) ઠરાવથી મંજુર કરવામાં આવેલ અનુદાનને નાણાકીય વર્ષ: ૨૦૨૦-૨૧માં ખર્ચ કરવાની મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

ઠરાવ:-

૨. ઉપરોક્ત બાબત પુખ્ત વિચારણાને અંતે, રાજયની સુરક્ષા અને તકેદારી વ્યવસ્થા સઘન બનાવવા માટે Anti-Drone System ખરીદ કરવા માટે ૬૦:૪૦ના ધોરણે CSS હેઠળ રૂ. ૩૯૨.૦૩ લાખ અને State Share હેઠળ રૂ. ૨૬૧.૩૬ લાખ મળી વધારાના અનુદાનની કુલ રકમ રૂ.૬૫૩.૩૯/- લાખને બજેટ હેડ મુખ્ય સદર : ૪૬-૨૦૫૫-૦૦-૧૧૫-૦૧ હેઠળ આ ફંડમાં રહેનાર બચતમાંથી ખર્ચ કરવા અંગે નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવેલ છે.

(૧) વર્ષ ૨૦૨૦-૨૧ના સુધારેલા અંદાજોમાં આ રકમ સરભર કરવાની રહેશે.

(૨) આ વધારાની રકમ સામે કેન્દ્ર સરકારનો હિસ્સો મેળવવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) પ્રસ્તુત ખરીદી માટે Secretariate Purchase Committee (S.P.C.) ની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૪) ઉદ્યોગ અને ખાણ વિભાગની ખરીદ નીતિ મુજબ ખરીદી કરવાની રહેશે.

૩. આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (આ.બા), નાણા વિભાગની તા.૧૮/૦૮/૨૦૨૦ની નોંધથી આપવામાં આવેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.એ.શાહ )

ઉપ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, (વહીવટ) ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ/બ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સેકશન અધિકારીશ્રી, આર, વિ.-૧, વિ.-૫, આઇ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ/શાખા સિલેકટ ફાઇલ.